# જામનગરમાં ચાંદીની, સુગંધિત સુખડ સહિતની ૬૦૦થી વધુ વેરાયટીઓની રાખડીઓ

## રાખડી બજારમાં ઘરાકીની રંગત જામીઃ બે કરોડ સુધીના ટર્નઓવરનો અંદાજ : બે રૂપિયાથી લઈ રૂ.૨૫૦૦ થી ૩ હજારની કિમંતની રાખડીઓનું વેચાણ, ગત વર્ષ કરતા સારા વેપારનો સૂર



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે જામનગરના રાખડી બજારમાં ખરીદીનો માહોલ જામ્યો છે. અંદાજીત દોઢથી બે કરોડનું ટર્નઓવર ધરાવતા જામનગરની બજારમાં એકથી એક ચડિયાતી વેરાયટીની રાખડીઓનું વેચાણ થઈ રહ્યું છે. શહેરમાં બે રૂપિયાથી લઈ રૂ.૨૫૦૦ થી ૩ હજારની કિમંતની રાખડીઓનું આગમન થયું છે અને ગત વર્ષની સરખામણીએ ઘરાકી પણ ખૂબ સારી હોવાથી વેપારીઓમાં પણ સારા વેપારની આશા જન્મી છે.

શહેરના ન્યૂ સરકારી સ્કૂલ પાસે રાખડીનો વેપાર કરતા મોહિતભાઈ નંદાના જણાવ્યા મુજબ, રક્ષાબંધન પર્વને લઈ શહેરમાં આ વર્ષે બજારમાં લગભગ ૫૦૦થી ૬૦૦ જેટલી વિવિધ ડિઝાઈન અને વેરાયટીની રાખડીઓ ઉપલબ્ધ છે. સામાન્ય રાખડીથી લઈને ચાંદીની ઓરીજનલ રાખડી સુધીની વિશાળ રેન્જની રાખડીઓથી બજાર ઉભરાઈ રહી છે. બજારમાં રૂ.૨ થી લઈને રાખડીઓ શરૂ થાય છે અને ઓરીજનલ ચાંદીના (બિલ સાથેની) રૂ.૨૫૦૦ થી ૩ હજાર સુધીની રાખડીઓ મળી રહી છે. આ કિંમતી ચાંદીની રાખડીઓમાં ઓમ, શિવજી, ખાટુશ્યામજી અને ગણપતિ મહારાજ સહિતની ધાર્મિક ડિઝાઈનની રાખડીઓ છે જે બહેનોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. વધૂમાં સુગંધિત સુખડની ઓરીજનલ રાખડી, ભાભી બ્રેસલેટ, તેમાં પણ આ વખતે ખાસ ભાભી રાખડીની સૌથી વધૂ માંગ જોવા મળી રહી છે.


જામનગરના રાખડી બજારમાં વેચાતી વિવિધ વેરાયટીઓમાં દેશના અન્ય મોટા શહેરોની પણ છાપ જોવા મળે છે. વેપારીના જણાવ્યા મુજબ કોલકાતા અને દિલ્હી સહિતના શહેરોમાંથી રાખડીઓ જામનગરમાં આવે છે, જેના કારણે સ્થાનિક બજારમાં ડિઝાઈન અને વેરાયટીની વિશાળ શ્રેણી ઉપલબ્ધ બને છે અને અહીથી દેશ અને પરદેશ બહેનો પોતાના ભાઈને રાખડી મોકલે છે.

શહેરની તાસીર અનુસાર રક્ષાબંધનને ત્રણ દિવસ બાકી રહે ત્યારે બજારમાં ખરીદીનો ધમધમાટ વધૂ જામશે. મોહિતભાઈ નંદાના જણાવ્યા પ્રમાણે, ગયા વર્ષે ગ્રાહકોની રાહ જોવી પડતી હતી, જ્યારે આ વર્ષે અત્યારથી જ સારી ઘરાકી જોવા મળી રહી છે. ખાસ કરીને બહારગામ રહેતા ભાઈઓ માટે બહેનો દ્વારા રાખડીઓની ખરીદી કરી કુરિયર મારફતે મોકલવામાં આવતી હોવાથી અત્યારથી જ ઘરાકી સારી છે. આ વખતે કોઈ ભાવ વધારો નોંધાયો નથી. જિલ્લામાં વરસાદની અછત વચ્ચે પણ ઘરાકીમાં હજુ સુધી પ્રતિકૂળ અસર વર્તાઈ નથી.

### બાળકો માટે છોટાભીમથી લઈ સ્પિનર સુધીની અનોખી રાખડી

વેપારીના જણાવાયા અનુસાર ખાસ તહેવરનો જેને સૌથી વધૂ ઉમંગ હોય છે તેવા બાળકો માટે પણ રાખડી બજારમાં ખાસ વેરાયટી જોવા મળી રહી છે. છોટાભીમ જેવી કાર્ટૂન રાખડી, મ્યુઝીક રાખડી તો સ્પિનર સહિતની અભ્યાસમાં ઉપયોગી અને રમવામાં પણ આકર્ષિત રાખડી આ વખતે પહેલીવાર બજારમાં આવી છે. સ્પિનર રાખડી જે ફૂટપટ્ટી ટાઈપની હોવાથી તે અભ્યાસમાં પણ કામ લાગે છે રમતમાં જરૂરી બને છે.

## જામનગરમાં વૃક્ષ ધરાશાયી થઈ રીક્ષા પર પડતા ચાલકને ઈજા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના દિગ્વિજય પ્લોટ-૧૩ વિસ્તારમાં અંબિકા ડેરી સામે આવેલા મેઈન રોડ પર અચાનક એક વૃક્ષ ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ સમયે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક રિક્ષા વૃક્ષની ચપેટમાં આવી જતાં તેમાં સવાર વૃદ્ધ રિક્ષાચાલક ઈજાગ્રસ્ત થયા હતા.

બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરના જવાનો દ્વારા વૃક્ષની ડાળીઓ કાપીને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના કારણે વાહનવ્યવહાર માટેનો રસ્તો ફરી ખુલ્લો કરવામાં આવ્યો હતો.

વૃક્ષ પડતાં ઈજાગ્રસ્ત બનેલા વૃદ્ધને સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. બનાવને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. તેમજ રસ્તો પણ અવરોધાયો હતો. જો કે પાછળથી વાહન વ્યવહાર પૂર્વવત બન્યો હતો.

## દ્વારકાના માલધારી, પશુપાલકો અને ખેડૂતો ઉપર પડયા પર પાટુ જેવી સ્થિતિ !

### જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિમાં સરકારી બાબુઓને કોઈ ફરક પડતો નથી!, ઘાસચારા માટેના ટોકન-પાસ કઢાવવા અધિકારીઓની રાહ જોવામાં પશુપાલકો પરેશાન



તસવીર : બુધાભા ભાટી

દ્વારકા દ્વારકા મામલતદાર કચેરી ખાતે ગત તા. ૨૧ના રોજ પશુપાલન સંબંધિત કામગીરી માટે મોટી સંખ્યામાં પશુપાલકો, માલધારીઓ પહોંચ્યા હતા. લાંબી કતારોમાં ઊભા રહીને પોતાની વારાની રાહ જોઈ રહેલા પશુપાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. નિર્ધારિત સમય બાદ પણ સંબંધિત અધિકારીઓ હાજર ન થતાં કામગીરી શરૂ થઈ શકી નહોતી.

મળતી માહિતી મુજબ, ગત શુક્રવારે પશુપાલકો વહેલી સવારથી જ મામલતદાર કચેરી ખાતે પહોંચી ગયા હતા. કેટલાક લોકો તો સવારના ચા-નાસ્તાનો સમય પણ કચેરી ખાતે જ પસાર કરીને પોતાની વારાની રાહ જોઈ રહ્યા હતા. બપોરે ૨ વાગ્યા સુધી રાહ જોયા બાદ પણ કામગીરીમાં ખાસ પ્રગતિ ન થતાં પશુપાલકોમાં અસંતોષ વધ્યો હતો.

ત્યારબાદ પણ લગભગ સાંજે ૪-૩૦ વાગ્યા સુધી સંબંધિત અધિકારી હાજર ન થતાં પશુપાલકોમાં અનેક સવાલો ઉઠ્યા હતા. પશુપાલકોનું કહેવું હતું કે તેઓ પોતાના પશુપાલનના કામકાજને બાજુ પર રાખીને સરકારી કચેરીમાં કલાકો સુધી રાહ જોતા રહ્યા, છતાં તેમની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે જવાબદાર અધિકારી સમયસર હાજર ન થયા.

પશુપાલકોએ આક્ષેપ સાથે સવાલ ઉઠાવ્યા હતા કે સરકાર દ્વારા કર્મચારીઓ અને અધિકારીઓને નિયમિત પગાર આપવામાં આવે છે, તો પછી સરકારી કામગીરીમાં સમયસર હાજરી અને પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કેમ થતું નથી?

લાંબા સમય સુધી રાહ જોવી પડતાં કેટલાક પશુપાલકોએ મામલતદાર કચેરીની કામગીરી અને અધિકારીઓની જવાબદારી અંગે પણ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. પશુપાલકોનું કહેવું છે કે દૂરના વિસ્તારોમાંથી તેઓ પોતાના જરૂરી કામ છોડીને સરકારી કચેરીમાં આવે છે, ત્યારે અધિકારીઓની ગેરહાજરીના કારણે તેમનો આખો દિવસ બગડે છે.

પશુપાલકોએ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ માંગ કરી છે કે કચેરીમાં ફરજ પરના અધિકારીઓની સમયસર હાજરી સુનિશ્ચિત કરવામાં આવે અને અરજદારોને લાંબા સમય સુધી રાહ ન જોવી પડે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

આ સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે અને પશુપાલકોને પડી રહેલી હાલાકીને દૂર કરવા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ પ્રશ્ન ફોટા સહિત સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ છે.

## દરેડ જીઆઈડીસી ફેઝ-૨માં બ્રાસપાર્ટના કારખાનામાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક આવેલા દરેડ જીઆઈડીસી ફેઝ-૨ વિસ્તારમાં વિશાલ ચોક ખાતે પ્લોટ નંબર ૧૩૬માં આવેલા બ્રાસપાર્ટના કારખાનામાં રવિવારે સાંજના અરસામાં આગ લાગવાની ઘટના બની હતી.

મળતી વિગતો મુજબ, કારખાનાના માલિક વસોયા અમિતભાઈ ચનાભાઈના જણાવ્યા અનુસાર અકસ્માતે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થતાં કારખાનામાં આગ ભભૂકી ઊઠી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની બે ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા કાર્યવાહી હાથ ધરી હતી અને આગને સંપૂર્ણપણે બુઝાવી દેવામાં સફળતા મેળવી હતી. આગની ઘટનામાં કેટલું નુકસાન થયું તેની વિગતવાર માહિતી મેળવવાની કાર્યવાહી ચાલુ હોવાનું જાણવા મળે છે. જ્યારે સમયસર આગ બુઝાવી દેવામાં આવી હોવાથી વધુ નુકસાની અટકી હતી.

## કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહની દીકરીઓએ દેશના જવાનોને રાખડી મોકલી



જામનગર : ભાઈ - બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે, જામનગરની શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ પરિવારની લાભાર્થી દીકરીઓ અને શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા દેશના જવાનો માટે રક્ષા સૂત્ર (રાખડી) બનાવીને જામનગરના જાણીતા સામાજિક કાર્યકર અને સમાજસેવી પૂર્વ કોર્પોરેટર ડિમ્પલ બેન રાવલને સુપ્રત કરવામાં આવી હતી.

આ વેળાએ સંસ્થાના પ્રમુખ કરશનભાઈ ડાંગર, કા.મંત્રી પાર્થ પંડ્યા, શાળાના આચાર્યો હિનાબેન અને કર્મચારીઓ તેમજ રાખડી બનાવનાર લાભાર્થી દીકરીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, સૌએ દેશના જવાનોને શુભેચ્છા પાઠવી હતી.

## ભોળેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરી પરત ફરતા પરિવારને નડ્યો અકસ્માત

### સ્વીફ્ટ કાર અને મોટર સાઈકલ વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકો ઘાયલ




જામનગર : લાલપુર નજીક હરીપર ગામ પાસે આવેલા સુપ્રસિદ્ધ ભોળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરીને જામનગર પરત ફરી રહેલા એક પરિવારને માર્ગ અકસ્માત નડ્યો હતો. એસઆરપી કેમ્પ- ચેલા નજીક સ્વીફ્ટ કાર અને મોટર સાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતા ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૦૮ની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ત્રણેય ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.

અકસ્માતની ઘટનાને પગલે થોડા સમય માટે માર્ગ પર અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ વિગતો મેળવવા અને જરૂરી કાર્યવાહી હાથ ધરવા પોલીસ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

## જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં વિવિધ પ્રશ્નોના ઝડપથી ઉકેલ માટે ધારાસભ્યની રજુઆત



જામનગર : જામનગર જીલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ જીલ્લા કરીયાદ સમિતીની બેઠકમાં ધારાસભ્ય રાઘવજી પટેલએ જિલ્લાના જુદા જુદા વિભાગના ૩૯ પ્રશ્નોની ઝડી વરસાવી હતી. એટલું જ નહી ૨૦૦૧ ના ભૂકંપ સમયનો પ્લોટની આધાર આપવા તેમજ રાષ્ટ્રીય પર્વની ઉજવણીની ગ્રાન્ટ મજૂર કર્યા પછી ફાળવવામાં શા માટે આવેલ નથી. આવા ગ્રામ્ય વિસ્તારના વિકાસના પ્રશ્નો રજૂ કરેલ હતાં.

આ ઉપરાત સિંચાઈ વિભાગના પ્રશ્ન અતંર્ગત મોડા ગામે વાડી વિસ્તારમાં આવેલ વોકળા પર નવો ચેકડેમ બનાવવો. સુજલામ સુફલામ યોજનાના ગત વર્ષના પુર્ણ થયેલ કામોના બાકી પેમેન્ટ કરવા પ્રશ્ન રજૂ કરેલ હતો. જમીનના પ્રશ્નમાં મુખ્યત્વે જામનગર તાલુકાના નાની માટલી ગામે ૨૦૦૧ના ભુંકપ સમયે વિસ્થાપિત થયેલાઓને ફાળવેલ પ્લોટના આધાર આપવા ધ્રોલ ગામે પીરબાવા વાળા તળાવ બનાવવાના કામની એન.ઓ.સી.આપવી. ખીજડીયા ગામે ફાળવવામાં આવેલ ફોરેસ્ટ વિભાગની જમીન જેટલો કબ્જો રાખી બાકીની ફોરેસ્ટ વિભાગ હસ્તકની જમીન ખુલ્લી કરવી.

માર્ગ અને મકાન વિભાગના પ્રશ્નોમાં જાબુંડા પાટીયાથી ભાદરા પાટીયા સુધીનો રોડ પહોળો કરવાનું કામમાં ગુણવતાયુક્ત પેચવર્ક કરવાનું કામ દોઢીયા થી લોઠીયા સુધીનો રોડ તાત્કાલિક રીપેર કરવો જરુરી છે.

જામનગર જીલ્લાના ૬ ગામોમાં રાષ્ટ્રીયપર્વ ઉજવણીની ગ્રાન્ટ મંજુર થયેલ હોય ગ્રાન્ટ ફાળવી વિકાસના કામો કરાવવા. નાની બાણુંગાર થી ફલ્લા ગામને જોડતા એપ્રોચ રોડની મંજુરી મળેલ છે. કામ શરૂ થયેલ નથી તો તાત્કાલિક કામ ચાલુ કરવું. ફાચરીયા ગામના પાટીયાથી ફાચરીયા સુધીનો રોડ તેમજ નદી પરના પુલનું કામ ચાલુ કરાવવું. જાબુંડા થી ભાદરા અને લાલપુર ચોકડી થી સમાણા રોડણી માપણી કરાવવી રોડની બાઉન્ડ્રી નક્કી કરી રોડનું કામ તાત્કાલિક ચાલુ કરવું જુનાનાગના તથા નવાનાગના ગામ વચ્ચેના બ્રીજનું કામ તાત્કાલિક ચાલુ કરાવવું. લાલપુર ચોકડી થી સમાણા સુધીના રસ્તાના કામમાં વાઈડનીગ અને સ્ટેથનીગના કામમાં કોરેસ્ટ વિભાગ તથા પી.જી.વી.સી એલ વિભાગના પ્રશ્નો અડચણરૂપ હોય તાત્કાલિક સંકલન કરી કામ શરૂ કરાવવું.પાણી પુરવઠાના પ્રશ્નોમાં જામનગર તાલુકાના હડમતીયા ગામે નર્મદાનું પીવાનું પાણી પુરતા પ્રમાણમાં અને નિયમિત આપવું. ચેલા ગામે તક્ષશીલા સોસાયટીમાં શુધ્ધ પીવાલાયક પાણી આપવું જોઈએ.

જામનગર મહાનગર પાલીકા વોર્ડ નં ૧માં પાઈપલાઈનનું કામ મંજર થયેલ છે જેમાં કોરેસ્ટ વિભાગ તરફથી પ્રશ્ન ઉદભવેલ હોય પ્રશ્નનું નિરાકરણ કરી પાઈપલાઈનનું કામ શરૂ કરવું.પી.જી.વી.સી.એલ અતંર્ગત ફલ્લા ગામને અલગ જ્યોતિગ્રામ કીડર ફાળવવુ સીક્કાના પાટીયા પાસે નાગાર્જન સપ ઉપર કનેકશનમાં લોડ વધારો કરી આપવો જામનગર તાલુકાના જે ગામોમાં લો-વોલ્ટેજની ફરીયાદ છે.

મોટા ટીસી મુકવા અને જરૂરીયાત હોય તો નવા ટી.સી. ઉભા કરવા. ખેતીવાડીના નવા કનેકશનોનું સર્વે કરી તાત્કાલિક આપવા. સચાણા ગામે ફીડર લાઈનમાં ભગવાનજી આબા ગ્રુપના ટી.સી માં વધુ પડતા કનેકશન હોય લાઈન ડીવાઈડ કરી ટી.સી બળી જવાનો પ્રશ્ન હલ કરવો. પંચાયત વિભાગના પ્રશ્નો અંતર્ગત ચેલા-૨ અને દરેડ ગામની સોસાયટીમાં ડોર ટુ ડોર ઘનકચરા નિકાલનું કામ બંધ છે. જે તાત્કાલિક શરૂ કરવું જામનગર તાલુકાના જે ગ્રામ પંચાયતોએ સ્વ-ભંડોળમાંથી વિકાસના કામના ખર્ચ માટે મંજુરી માંગેલ છે. તેઓને મંજુરી આપવી જામનગર તાલુકાના રસુલનગર તથા ગોરધનપર ગામની ગ્રીનવીલા સ્ટ્રીટલાઈટના બાકી કામ તાત્કાલિક પુરા કરાવવા ગોરધનગામની ગ્રીનવીલા સોસાયટીમાં નવું આંગણવાડી કેન્દ્ર બનાવવું, જુનાનાગના ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૨૧૧ના મકાનનું કામ મંજુર થયેલ તે ચાલુ કરવું. જામનગર તાલુકાના કનસુમરા તથા નાઘેડી ગામની સોસાયટીમાં ગેસ કનેકશન આપવા જોઈએ.

મત્સ્ય વિભાગના પ્રશ્ન અંતર્ગત જે માચ્છીમારોના બોટના પરવાના રી-સર્વે થઈ ગયેલ છે અને રીન્યુ કરવાના બાકી છે તેઓના પરવાના તાત્કાલિક રીન્યુ કરી આપવા. જેથી માચ્છીમારીની સીઝન શરૂ થતાં સમયસર તેઓ તેમનું કામ શરૂ કરી શકે. જામનગર જીલ્લાના વિકાસને લગતા ૩૯ જેટલા પ્રશ્નો ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે રજુ કરેલ હતા જેમાં મોટા ભાગના પ્રશ્નોનો સ્થળ પર હકારાત્મક નિકાલ કરવામાં આવેલ અને બાકી રહેલ પ્રશ્નો ટુંક સમયમાં હાથ પર લઈ નિકાલ કરવા લગત વિભાગના અધિકારીઓને સુચના આપવામાં આવી છે.

## દડીયામાં યુવતી સાથે મોબાઈલમાં વાત કરવાના પ્રશ્ને પિતા-પુત્ર પર ૬ શખ્સોનો હુમલો

જામનગર : જામનગર તાલુકાના દડીયા ગામ પાસે આવેલા કુબેર પાર્ક નજીક જ્ઞાતિની એક યુવતી સાથે ફોન પર વાતચીત કરવાના ખારમાં પિતા-પુત્ર પર ૬ શખ્સોએ પાઈપ, ધોકા અને બેટ વડે હુમલો કાર્યાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

બનાવની વિગત મુજબ દડીયા ગામે રહેતા ખેડૂત મનસુખભાઈ રામજીભાઈ લખીયર (૪૫) અને તેમના પુત્ર કૌશિક એગ્રોમાંથી કપાસની -દવા લઈને ઘરે જતા હતા. ત્યારે રસ્તામાં રોકીને જયેશ હેમતભાઈ ગંઢા સુભાષ હેમતભાઈ ગંઢા, કૌશલ સુરેશભાઈ ગંઢા, મનીષ ધીરૂભાઈ ગંઢા, મલ્લુ ઉર્ફે મહેન્દ્ર પરેશભાઈ ગંઢા તથા સાગર જીગ્નેશભાઈ ગંઢા નામના શખ્સોએ આડેધડ માર માર્યો હતો.

આ હુમલામાં મનસુખભાઈને ડાબા હાથની આંગળીમાં, ડાબા પગના અંગૂઠામાં તથા ઘૂંટણથી નીચેના ભાગે ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ ઈજાગ્રસ્ત પિતા-પુત્રને સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ મામલે પોલીસે તમામ ૬ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

